# ''આદિવાસીઓના શિક્ષણ સામે પડકાર''

શ્રી બી.એમ.રાઉત
સિ.લેકચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
વઘઈ, જિ.ડાંગ.

**પ્રસ્તાવના :**

શિક્ષણ પ્રત્યેક રાષ્ટ્ર માટે પ્રગતિની પારાશીશી છે. દેશમાં સુસંસ્કારી અને ચારિત્ર્યવાન નાગરીકો તૈયાર કરવાનું કામ શિક્ષણ કરે છે. સમાજના વિકાસનો આધાર શિક્ષણ પર અવલંબે છે. સરકારશ્રી દ્વારા દરવર્ષે શિક્ષણ પાછળ અનેક પ્રકારે ખર્ચ કરવામાં આવે છે તેમ છતાં આપણે સમાજમાં સો ટકા સાક્ષરતાનું પ્રમાણ હાંસલ કરી શકયા નથી. નિરક્ષરતાએ સામાજિક કલંક ગણાય છે. તેના લીધે સમાજ ગરીબી, બેકારી, ભૂખમરો, અંધશ્રધ્ધા, સામાજિક કુરિવાજો, વહેમો, અજ્ઞાન, શોષણ વગેરે જેવા દુષણોનો ભોગ બને છે. અપણે જો તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવું હોય તો દેશના તમામ સમુદાયનો એક સમાન પ્રકારે વિકાસ થાય તે જરૂરી છે.

આદિવાસી અને પછાત વિસ્તારના બાળકોનો વિકાસ થાય તે માટે શિક્ષણની વિવિધ સમસ્યાઓ જેવી કે રહેઠાણથી દૂર શાળા, શાળાનું નિરસ વાતાવરણ, શિક્ષકોની બદલી સત્ર શરૂ થયા પહેલા કરવી, શિક્ષકોની અનિયમિતતા, વિધાર્થીઓની અનિયમિતતા, શિક્ષકોનું અપ–ડાઉન, વિધાર્થીઓનું અપ–ડાઉન, વાહન વ્યવહારનો અભાવ, વાલીઓનું સ્થળાંતર, નબળી આર્થિક પરિસ્થિતિ, ઉચ્ચ શૈક્ષણિક તથા ટેકનિકલ સંસ્થાઓનો અભાવ, ઉપલા ધોરણની શાળા લાંબા અંતરે, ભાષા–બોલીની સમસ્યા, પુરતી છાત્રાલયની સગવડનો અભાવ, એક શિક્ષક પાસે એકથી વધુ ધોરણો, રોજગારલક્ષી શિક્ષણનો અભાવ, કુપોષિત બાળકો, વગરે અનેકવિધ સમસ્યાઓનો ભોગ બનવો પડે છે. આવી સમસ્યાઓના સમાધાન માટે રાજય સરકારશ્રી દ્વારા આદિવાસી કલ્યાણ તેમજ આદિવાસી અને પછાત વિસ્તારોના વિકાસ માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. તેમ છતાં આદિવાસીઓના શિક્ષણ માટે આજે પણ કેટલાક પડકારો ઉભા છે. અહીં અભ્યાસકર્તાએ ડાંગ જિલ્લાના આદિવાસીઓના શિક્ષણના સંદર્ભમાં પડકારોની ચર્ચા કરી છે. જે નીચે મુજબ છે.

**નબળી આર્થિક પરિસ્થિતિ :**

આદિવાસી અને પછાત જાતિના લોકોને પોતાના જીવન નિર્વાહનો જટિલ પ્રશ્ન જ નડતો હોય ત્યાં પોતાના બાળકોને શિક્ષણ કેવી રીતે આપી શકે ? નબળી આર્થિક પરિસ્થિતિના લીધે ગરીબાઈ, બાળમજૂરી અને સ્થળાંતર કરવા મજબુર થવું જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. અને ઘણાં કુટુંબો તો એવા છે કે માંડ એક ટંકનું જેમ તેમ ભોજન મેળવી જીવે છે. મારા એક ૧૬ ગામોના ૪૦૨ વાલીઓના સર્વેમાં આર્થિક પરિસ્થિતિનો ચિતાર આપતી બાબત ધ્યાન ખેંચે તેવી છે. જેમાં ૩૩૯ ઉતરદાતાઓ ખઈ.ઠી છે અને માત્ર ૬૩ ઉતરદાતાઓ બઈ.ઠી છે. એટલે કે ૮૪.૩૩ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવન જીવે છે. અને માત્ર ૧૫.૬૭ ટકા જ લોકો ગરીબી લાઈન કે તેની ઉપર જીવન જીવતા હોય તેવું માલુમ પડેલ છે.

ડો.એમ.એન.ગાયકવાડ લખે છે કે આદિવાસીઓ તેમની નબળી આર્થિક સ્થિતિના લીધે મા–બાપો કંગાળીયાતમાં જીવન જીવે છે. ગામમાં બારેમાસ રોજીના અભાવે વર્ષનો કેટલોક ભાગ જયાં રોજી મળતી હોય એવી જગ્યાએ સપરિવાર સથળાંતર કરે છે. સ્થળાંતરીત બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. ઘણાં આદિવાસીઓ પાસે જમીન નથી અને જેમની પાસે જમીન છે તે ખૂબ જ ઓછી છે. મજૂરી કર્યા વગર ગુજરાન કરી શકે તેમ નથી. ભૂખમરો પણ તેમને વેઠવો પડે છે. આવી પરિસ્થિતિમાં તેઓ બાળકોને શિક્ષણ આપવાનું કેવી રીતે વિચારે તે પણ એક મોટો પ્રશ્ન છે.

**સ્થળાંતરઃ**

સ્થળાંતર ડાંગ જિલ્લાના આદિવાસીઓનાં શિક્ષણમાટે અવરોધરૂપ સૌથી મોટી સમસ્યા છે. લોકોને તેમની નબળી આર્થિક પરિસ્થિતિના લીધે, તથા ગામમાં બારેમાસ રોજી મળતી ન હોવાથી રોવ–રોટી માટે ના છૂટકે રોજગારીની શોધમાં વલસાડ, સુરત, નવસારી, સેલવાસ જેવા પડોશી જિલ્લાઓમાં શેરડી અને ચીકુની વાડીમાં કે મહારાષ્ટ્રના વની, નાશિક, ડિંડોરી જેવા વિસ્તારમાં દ્રાક્ષની વાડીઓમાં મજૂરીની શોધમાં સ્થળાંતર કરવું પડે છે. અહી ઘણાં આદિવાસીઓ પાસે જમીન નથી તેઓ ખેત મજૂર છે. અને જેમની પાસે જમીન છે તે ખૂબ જ ઓછી અને પિયત વગરની છે. આથી ખેતીની ઉપજ નહિવત હોય છે. જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો આવવિકા મેળવવા બહારગામ જાય છે. અહીથી સપ્ટેમ્બર/ઓકટોબરમાં સુગરમાં સ્થળાંતર કરે છે અને પરત માર્ચ મહિનામાં (હોળીનો તહેવાર કરવા) આવે છે. આવા સ્થળાંતરીત વાલીઓ તેમની સાથે પોતાના બાળકોને પણ લઈ જાય છે. કારણ તેઓ ઘરમાં કમાવવા મદદરૂપ થતાં હોવાથી કુટુંબના બધા જ સભ્યો જાય છે. આથી બાળકોનો વચ્ચેના સમયનો અભ્યાસ છૂટી જાય છે. અને ભણવામાં પાછળ પડે છે. આમ, નજીકમાં ધંધા/રોજગાર નહી મળતા, રોજગારની શોધમાં લોકોએ સ્થળાંતર કરવું પડે છે.

આમ,આજીવિકા માટે સ્થળાંતર કરતી આ પ્રજાનો વસવાટ પણ છૂટાછવાયો હોય છે. અને આ વસવાટ ટૂંકા સમય માટે હોય છે. તેથી જયાં વસવાટ હોય ત્યાં શાળાની સગવડપણ ઉભી કરી શકાતી નથી. ડાંગ જિલ્લામાંથી પણ ઘણાં ગામોમાંથી વાલીઓ શેરડી કાપવા માટે સ્થળાંતર કરે છે. અને સાથે તેમના બાળકોને પણ લેતા જાય છે. ચાલુ વર્ષે પણ આવા શેરડીમા જતાં વાલીઓના બાળકોને જિલ્લા વહિવટી તંત્ર(જિલ્લા શિક્ષણ વિભાગ) તરફથી રોકી અને આ બાળકોને નિવાસી કેમ્પમાં રાખવાનો પ્રયાસ કરેલ હતો. પરંતુ શરૂઆતમાં વાલીઓ આ બાળકોને મુકી જતાં અને થોડા સમય પછી આવીને લઈ જતા માલુમ પડેલ છે.

**સ્થાનિક ભાષાનું પ્રભુત્વ :**

ડાંગ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની સુવિધા પુરતી હોવા છતાં સામાન્ય બોલચાલની ભાષાનું પ્રભુત્વ અકબંધ રહેવાને કારણે આદિવાસી બાળકો આજે પણ ગુજરાતી ભાષાનું પૂરતું શિક્ષણ મેળવવા મુશ્કેલી અનુભવે છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડો. ગૌરાંગ રામીએ કરેલા સંશોધનમાં જણાંવયા મુજબ ૯૪ % આદિવાસી વસ્તી ધરાવતા ડાંગમાં ૩૭૮ પ્રાથમિક શાળાઓ છે. જે પૈકી ૩૧૪ માં વિજળીકરણ થયું છે પરંતુ પચાસ ટકા શાળાઓમાં આજે પણ પીવાના પાણીની અને બાળાઓ માટે અલગ

ટોયલેટની સુવિધા નથી. મહત્વની બાબત એ છે કે ડાંગના તમામ ગામોમાં પ્રાથમિક શાળા(ધો. ૧ થી ૫)ઓ અને ૧૧૮ જેટલી ધોરણ– ૮ સુધીની શાળાઓ છે. પરંતુ વિદ્યાર્થીઓ ધોરણ– ૭ સુધીનો પુરતો અભ્યાસ કરી શકતા નથી. આના મુખ્ય કારણોમાં ગુજરાતી ભાષા બોલતા આવડતી હોવા છતાં પ્રાદેશિક બોલીનું પ્રભુત્વ મહત્વનું કારણ બને છે. ગુજરાતી શીખવતા શિક્ષકો પણ પુરતી માત્રામાં બાળકોને સમજાવી શકતા નથી. નથી.(સંદેશ :૧૬: ૨ સપ્ટેમ્બર ૨૦૧૨)

આમ, ડાંગ જિલ્લો સંપૂ્ણ આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો હોવાથી જાણ્યે અજાણ્યે તથા વ્યવહારમાં પણ મોટા ભાગે સ્થાનિક બોલીનો જ ઉપયોગ થતો હોય, શાળાઓમાં શિક્ષકોની હાજરીમાં પણ સ્થાનિક બોલીનો જ ઉપયોગ થતો હોવાથી તેનું પ્રભુત્વ વધારે રહે છે.

**શિક્ષકોની ઘટ :**

રાજય સકાર દ્વારા શિક્ષકોની પુરતી સંખ્યામાં ભરતી ન કરાતા આદિવાસી બાળકોના ભાવિ સામે પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે. જિલ્લામાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા આશ્રમશાળાઓમાં કુલ–૪૦ શિક્ષકોની ઘટ છે. ડાંગ જિલ્લામાં ૯ (નવ) જેટલી આશ્રમશાળાઓ કે જે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના તાબામાં કાર્યરત છે, જેમાં ૩૩ જેટલા શિક્ષકોના મહેકમ સામે ૧૭ જેટલી જગ્યાઓ ખાલી છે. અલબત હાલ પાંચ આશ્રમશાળાઓનો વહિવટ ખાનગી ટ્રસ્ટને સોંપાતા આ પાંચ આશ્રમશાળાઓમાં પાર્ટ ટાઈમ શિક્ષકો છે. સરકારી માધ્યમિક શાળાઓમાં ૭૨ શિક્ષકોના મહેકમ સામે ૧૬ જગ્યાઓ ખાલી છે. સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૬૮ ના મહેકમ સામે ૭ જેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે. કેટલીય શાળાઓ બે ત્રણ શિક્ષકોથી જ ચલાવાય છે. આ ઉપરાંત વઘઈ, આહવા, પિપલદહાડ અને સાકરપાતળની સરકારી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની જગ્યા હોવા છતાં ફકત વઘઈમાં જ નિયમિત આચાર્ય છે. જયારે બાકીની શાળાઓમાં ઈન્ચાર્જથી જ ચલાવાય છે. તેજ રીતે સરકારી અનુદાન મેળવતી ખાનગી શાળઓમાં પણ આચાર્યની જગ્યા ખાલી છે. સમગ્ર રાજયમાં સરકારી અનુદાન મેળવતી ૮૦૦ જેટલી માધ્યમિક શાળાઓ આચાર્ય વગર ચલાવવામાં આવી રહી છે. શિક્ષણ વિભાગે આચાર્યોની ૧૦૮૯ ખાલી જગ્યાઓ ભરવા જાહેરાત કરી હતી તે પૈકી ૨૮૫ આચાર્યોની જ નિમણૂંક થઈ છે. જયારે અંદાજિત ૮૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે. અગાઉ આચાર્યની જગ્યા સંચાલક મંડળ પોતે ભરતી કરતી હતી. પરંતુ શિક્ષણ વિભાગના ભરતી પ્રક્રિયાના નવા નિયમ મુજબ ઉમેદવારે હેડ ટીચર્સ એટિપ્ટયુટ ટેસ્ટ પાસ કરવાની થતાં સંચાલક મંડળે હાઈકોર્ટમાં પડકારતા હાલ આચાર્યની નિમણૂંકની પ્રક્રિયા અવઢવમાં છે.

આમ, ડાંગ જિલ્લાના ગરીબ અને આદિવાસી વાલીઓએ તેમના બાળકોના શિક્ષણ માટે સરકારી શાળાઓ પર જ નિર્ભર રહેવું પડે છે. આવી શાળાઓમાં શિક્ષકોની મહેકમ પ્રમાણે ભરતી કરાતી ન હોવાના લીધે તેની સીધી અસર બાળકોના શિક્ષણ પર પડે છે.(સંદેશ :૧૦ : તા.૪ જાન્યુઆરી ૨૦૧૪)

**છાત્રાલયની સગવડ નહિવત :**

જિલ્લામાં જેટલી શાળા–મહાશાળાઓ છે અને તેમાં જેટલા વિધાર્થીઓ અભ્યાસ કરે છે તેના પ્રમાણમાં છાત્રાલયોની સગવડ અપુરતી છે. બસની સગવડ નથી, ઉપરાંત છાત્રાલયમાં પણ પ્રવેશ મેળવવુ મુશ્કેલ બને છે આવા સંજોગોમાં બાળકોને ભણાંવવાનું વાલીઓ માટે ખૂબ જ કઠિન બને છે. રૂમ રાખીને ભણવુ પડે છે અને જાતે બનાવી ખાવુ પડે છે, પરિણામે વાંચવા સમય મળતો નથી, નિયમિત અભ્યાસ થઈ શકતો નથી. અપ–ડાઉન માટે પણ પુરતી સગવડ નથી મોટા ભાગના ગામોમાં ધો.–પ સુધીની જ શાળાઓ છે ત્યારે આગળના અભ્યાસ માટે અન્ય ગામમાં જવું પડે છે જે આર્થિક રીતે પહોંચી વળાતુ નથી. અને છાત્રાલયમાં સહેલાઈથી પ્રવેશ મળતો નથી, ધો.૧૧ અને ૧૨ માટે છાત્રાલયની સગવડ મળતી નથી. વાલીઓના મંતવ્ય મુજબ બીજાગામ ભણવા મુકવાથી સતત તેમની ચિંતા રહેતી હોવાથી શાળા છોડી દેવી પડતી હોય છે.

**ભાષા અને ગણિત શીખવામાં વિધાર્થીઓ પાછળ :**

ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં પ્રવેશની ટકાવારી વધી છે પરંતુ સાથે સાથે શિક્ષણની ગુણવતા હજુ પણ પાછળ છે.

એન્યુલ સ્ટેટસ ઓફ એજુયેકેશન રીપોર્ટ(અસર)– ૨૦૧૨ દ્વારા જાહેર કરવામાં આવેલ આંકડા મુજબ ૨૦૧૧ માં ધોરણ– પ ના વિધાર્થીઓમાંથી ૪૦.૨ % જેટલા વિધાર્થીઓ ધોરણ–૨ નું પુસ્તક વાંચી શકતા હતા. ૨૦૧૨ માં આ ક્ષેત્રે કોઈ ઝાઝો સુધારો નથી થયો. ધોરણ– ૮ માં ભણતાં માત્ર ૩પ % વિધાર્થીઓ જ અંગ્રેજીમાં લખેલુ એક સાદુ વાકય વાંચી શકે છે. જયારે ગણિત ક્ષેત્રે તો ગુજરાતના શિક્ષણમાં ઘણાો મોટો પ્રશ્ન જોવા મળે છે. ૨૦૧૦ માં ગણિતમાં ધોરણ– પ ના ૬૨.૯ % વિધાર્થીઓ બે આંકડાના સરવાળો, ભાગાકાર કરી શકતા હતા જે ૨૦૧૨ માં ઘટીને ૪૯. ૧ % જેટલો થઈ ગયો છે.

વધુમાં અસર આ રીપોર્ટ દ્વારા કહે છે કે, સરેરાશ વિધાર્થી જે ધોરણમાં ભણતો હોય છે તેનાથી ત્રણ ધોરણ પાછળ હોય છે. માટે શિક્ષણની ગુણવતા સુધારવા મોટા પ્રયત્નોની જરૂર છે. અસર દ્વારા કરવામાં આવેલ આ અભ્યાસમાં સમગ્ર દેશના રાજયોના ગ્રામ્ય ક્ષેત્રના શિક્ષણની સ્થિતિ આપવામાં આવી છે. ગુજરાતમાં આ સર્વેમાં ૨૬ જિલ્લાઓના ૭પપ ગામોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૧પ૨૯૪ ઘરો અને ૨પ૭૦૮ વિધાર્થીઓને આવરી લેવાયા છે. (સંદેશ : ૬ : તા.૧૯ જાન્યુઆરી ૨૦૧૩)

**બદલી કેમ્પના વિવાદથી શિક્ષણ પર માઠી અસર :**

શિક્ષકોને શિક્ષણ કાર્ય કરતા બદલીમાં વધુ રસ હોવાનું જણાં છે. વર્ષ : ૨૦૧૨–૧૩ ડાંગ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાના શિક્ષકોનો બદલી કેમ્પ લાંબા સમય સુધી વિવાદમાં રહયો હતો. બદલી કેમપનો સમયસર ઉકેલ ન આવતા કેટલાયે આદિવાસી વિધાર્થીઓનું ભાવિ અઘ્ધરતાલ બની જવા પામ્યું હતુ. અસંતોષી શિક્ષક જૂથના કહેવા પ્રમાણે વઘઘટ અને વિકલ્પ કેમ્પમાં શિક્ષણ વિભાગના ઠરાવો, નીતિ–નિયમોને નેવે મુકી આડેધડ બદલીઓ કરી હોવાની રજૂઆત પ્રાથમિક શિક્ષણ નિયામકને કરી હતી , બીજી બાજુ વધઘટ અને વિકલ્પ વિકલ્પનો લાભ લીધેલ શિક્ષકો છ છ માસ સુધી અઘ્ધર શ્વાસે શિક્ષણ કાર્ય કરતા હોય તો સ્વાભાવિક છે કે તઓએ કેટલા રસથી શિક્ષણ કાર્ય કર્યુ હોય ?

**બાળ મજૂરી :**

ડાંગ જિલ્લો સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે. વળી ગરીબીનું પ્રમાણ પણ વધારે છે. આથી લોકો રોજી રોટી માટે સમગ્ર પરિવાર કામધંધામાં જોતરાય છે. તાજેતમાં ૬૪ માં પ્રજાસતાક પર્વની ઉજવણી ડાંગ જિલ્લોમાં થયેલ હોઈ તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે આહવાના બિસ્માર માર્ગોનું નવિનીકરણ અને મરામતનું કાર્ય ચાલી રહયું હતું. આ કાર્યમાં નાના બાળકો દ્વારા મજૂરી કામ કરાવી બાળ મજૂરી કાયદાનું સરેઆમ ઉલંઘન કરાતા લોકો દ્વારા વિરોધ કરવામાં આવતા કોન્ટ્રાકટરએ બાળકોને મજૂરી કામેથી મુકત કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ડાંગ જિલ્લાનું મુખ્ય મથક આહવા ખાતે જિલ્લાની તમામ કચેરીઓ આવેલી છે અને આ કચેરીમાં ઉચ્ચકક્ષાના અધિકારીઓથી માંડી પદાધિકારીઓની સતત અવર જવર થતી હોય છે. વળી આ એક રાષ્ટ્રીય પર્વની ઉજવણીના કાર્યમાં આ ઘટના બનવા પામેલ છે જે પણ નોંધનીય છે. જો આવા સમયે આ પરિસ્થિતિ નિર્માણ થતી હોય તો અન્ય વિસ્તરામાં પણ આવી બાબતો બનતી હોવાનું જણાંય છે. આ ઉપરાંત વાલીઓ પણ તેમના બાળકોને છૂટક મજૂરીએ જતાં રોકતા નથી, તેઓ સામેથી મજૂરી કાર્ય માટે મોકલાવે છે.

**સમયસર પાઠયપુસ્તકો મળતા નથી :**

ઘણી વખત જિલ્લાઓમાં પાઠયપુસ્તકો આવી ગયા હોવા છતાં જિલ્લા વહિવટી તંત્રની બેજવાબદારીના લીધે શાળાઓમાં સમયસર પાઠયપુસ્તકો પહોંચતા નથી. આવો જ એક કિસ્સો ડાંગના બાળકો માટે પણ નિર્માણ થયેલ છે. વર્ષ : ૨૦૧૨ માં ડાંગ જિલ્લામાં પ્રાથમિક શાળા શરૂ થયાને બે અઠવાડિયા જેટલો સમય વિતવા છતાં ધોરણ– ૬ થી ૮ ના દ્વિતીય સત્રનવા સેમેસ્ટરના પુસ્તકો શિક્ષણ સમિતિ દ્વારા વિવિધ કેન્દ્રશાળાઓ પર પહોંચાડાયા નથી. અ ત્રણેય ધોરણના પુસ્તકો દિવાળી વેકેશન પહેલા મુખ્ય મથક ખાતે આવી ગયા હોવા છતાં જવાબદાર કચેરી દ્વારા સમયસર શાળાએ પુસ્તકો ન પહોંચાડતા આદિવાસી બાળકોના ભાવિ અંધકારમય બનવા પામ્યું છે.

વધુમાં ચાલુ વર્ષથી પાઠયપુસ્તકો પણ નવા હોવાથી અગાઉના વર્ષના જૂના પુસ્તકોથી કામ ચાલે તેવું પણ ન હતુ. આથી આ બે અઠવાડિયા દરમિયાન શિક્ષકોએ વિષય શિક્ષણ કરાવ્યું ન હોય તે સ્વાભાવિક છે. બે અઠવાડિયાથી ધોરણ – ૬ થી ૮ ના શિક્ષકો અને હજારો વિધાર્થીઓ લાચાર બની શાળામાં સમય પસાર કરી રહયા હોય તુવું જણાંયું છે. આદિવાસી બાળકોના શિક્ષણ માટે સરકાર અનેક પ્રયત્નો કરતી હોય છે પરંતુ અધિકારી/કર્મચારીઓની ફરજ નિષ્ઠાના અભાવે આદિવાસી બાળકોનું ભાવિ અધ્ધરતાલ થઈ જતુ હોય છે.(સંદેશ :૧૦: ૧૭ ડિસેંબર ૨૦૧૨) આમ, કિસ્સો પ્રકાશમાં આવ્યો બાકી શાળામાં ઓછા પુસ્તકો મળવા, અમુક વિષયના પુસ્તકો બિલકુલ ન મળવા, કેન્દ્રથી શાળા પર પહોંચાડવા વગેરે અનેક બાબતો અવાર નવાર બનતી જ હોય છે. જિલ્લા કક્ષાએથી પુસ્તક વહેંચવાની પધ્ધતિ પણ ખામી ભરેલી જણાંયેલ છે. સ્ટોક કીપરની હાજરીમાં પરંતુ કેન્દ્ર શિક્ષક જાતે જ કેન્દ્રના બાળકોની સંખ્યા મુજબ પુસ્તકોની ગણતરી કરી લઈ જતા હોય છે. આથી જરૂરિયાત કરતા વધારે પુસ્તકો લઈ જતા હોવાનું બહાર આવ્યું છે. આથી મોડા કે પાછળથી જનાર કેન્દ્ર શિક્ષકને કેન્દ્રની શાળાઓને પુરતા પ્રમાણમાં પુસ્તકો મળતા નથી.

**ડાંગમાં ઉચ્ચ શિક્ષણ માટેની અપુરતી સગવડ :**

જિલ્લાના તમામ ગામોની તમામ શાળાઓમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની સગવડ નથી. ગુજરાત રાજયના અન્ય જિલ્લાઓ કરતા સૌથી ઓછી શૈક્ષણિક સગવડ ડાંગ જિલ્લામાં છે. ડાંગ જિલ્લામાં એક પણ બી.એડ. કોલેજ નથી. ડિગ્રી એન્જીનિયરીંગ કોલેજ નથી. નથી અનુસ્નાતકની કોઈ કોલેજ. આ ઉપરાંત બી.બી.એ., એમ.બી.એ., બી.સી.એ., એમ.સી.એ., એમ.એસ.ડબલ્યુ, એમ.એલ.ડબલ્યુ, મેડીકલ–પેરામેડીકલ, ફાર્મસી, વેટનરી વગેરે કોલેજોનો સંપૂર્ણ અભાવ જોવા મળે છે.

**પાયાની સગવડથી વંચિત ગામો :**

ડાંગ જિલ્લાના ૩૧૧ ગામો પૈકી ઘણાં ગામો આજે પણ રસ્તા, પાણી અને વિજળી જેવી પાયાની જરૂરિયાતથી વંચિત છે. દક્ષિણ ગુજરાત વિદ્યુત બોર્ડના આંકડા મુજબ ડાંગના ૧૦૦ % ગામોમાં વિજળીકરણ થયેલાનું જણાવે છે, પરંતુ કેટલાંક ગામોમાં ચોમાસામાં પાવરની ઘણી તકલીફ રહે છે. અમુક ગામોમાં બે–ત્રણ દિવસ સુધી પાવર ચાલુ થતો નથી. જયારે કેટલાક ગામોમાં ચોમાસા દરમિયાન હંમેશા ડીમ પાવર રહેતો હોય છે.

તેવી જ રીતે વાહનવ્યવહારની પણ એટલી જ અગવડતા છે. વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન–વલસાડના જણાંવ્યા મુજબ ડાંગ જિલ્લામાં સીધી સેવા મેળવતા ગામોની સંખ્યા–૨૭૧ છે. (ડાંગ જિલ્લાની આંકડાકીય રૂપરેખાઃ આંકડાશાખા : ૨૦૧૨–૧૩ : ૪૯) આનો મતલબ એ થયો કે હજી ૪૦ ગામો તો બસની સગવડથી વંચિત છે. ઘણાં ગામોમાં બસની સગવડ છે પરંતુ દિવસમાં એકાદવાર જ આવતી હોય છે. પરિણામે વિદ્યાર્થીઓને પણ શાળાએ જવા–આવવાની મુશ્કેલી થાય છે. આરોગ્ય વિષયક વાત કરીએ તો ડાંગ જિલ્લાની ૨,૨૬,૭૬૯ ની વસ્તી સામે ૧ જનરલ હોસ્પિટલ, ૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૪૭ સબ સેન્ટર, ૨ ડિસ્પેન્સરી છે, જે ડાંગ જેવા વિશિષ્ટ ભૌગોલિક વિસ્તાર ધરાવતા ગામો માટે અપુરતુ છે.

૨૦૦૯ ના વર્ષમાં માન.મુખ્યમંત્રીશ્રીએ જિલ્લામાં વિકાસથી વંચિત એવા પૂર્વપટ્ટીના ગામો બંધપાડા, ધુલદા, મોટીકસાડ, લહાનકસાડ, ઢોંગીઆંબા, સાવરદાકસાડ, ઈસખંડી, હાડોળ, કસાડબારી, ઉપરાંત દક્ષિણના ગાયખસ, ચવડવેલ, રાવચોંડ, ઈસદર, ચૌકયા, પાંડવા, લીગા, જવતાળા, ગારમાળ, બિલમાળ સહિતના ગામો દત્તક લીધા હતા. દત્તક લીધા બાદ આ ગામના વિકાસ પાછળ કોઈપણ પ્રકારનું ઘ્યાન અપાયું નથી.(દિવ્યભાસ્કર :૧૦: ૧૨ ઓકટોબર ૨૦૧૨)

**શિક્ષકોનું અપ–ડાઉન :**

જિલ્લાની શાળાઓમાં અપ–ડાઉન કરતા શિક્ષકોનું પ્રમાણ દિવસે ને દિવસે વધી રહયું છે. આજથી દશ વર્ષ પહેલા જે માળખાકિય સુવિધા હતી તેના કરતા આજે ઘણો સુધારો થયેલો જણાંય છે તેમ છતાં શિક્ષકોની પોતાની અંગત સગવડતા સાચવવા માટે લાંબા અંતરેથી અપ–ડાઉન કરે છે. ૧૦૦ થી ૧૫૦ અંતરેથી અપ–ડાઉન કરતા શિક્ષકોની વર્ગખંડમાં ભણાંવવાની માનસિક તત્પરતા કેટલી હોય તે તો શિક્ષકો જ જાણતા હોય. તથા શાળાના બાળકોને કેટલા સમય સુધી ભણાંવતા હશે તે વિચારવા જેવું છે. પરંતુ એક વાત ચોક્કસ કે

તેઓ તૈયારી વગર જ વર્ગખંડમાં પ્રવેશ કરતા હોય તે સ્વાભાવિક છે. આ અંગે શિક્ષણખાતાના અધિકારીશ્રીઓએ અવાર–નવાર પરીપત્રો કર્યા, જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ચર્ચા થઈ, શિક્ષણ વિભાગની ટીમએ નાકાબંધી કરી તેમ છતાં ધાર્યુ પરીણામ આવતું નથી. જયારે નવી ભરતી થતી હોય, કે બદલી કેમ્પ થતા હોય ત્યારે પણ અપ–ડાઉન થઈ શકે તેવું ગામ છે કે કેમ ? તેવી સગવડતા શિક્ષકો પહેલા ચકાસતા હોય છે. તા.૧૬ ડિસેમ્બર–૨૦૧૨ ના દૈનિક વર્તમાનપત્ર સંદેશમાં પ્રકાશિત થયેલ અહેવાલ મુજબ તત્કાલિન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ હાથ ધરેલ સરપ્રાઈઝ ચેકિંગમાં ચીખલીથી કાંહડોળઘોડી અપ–ડાઉન કરીને જતાં ૬ શિક્ષકોને ઝડપી પાડયા હતા. તેમ છતાં આજે પણ શિક્ષકોનું અપ–ડાઉન યથાવત છે.

## :સંદર્ભ સૂચિ:


૧. શાળા પાઠયપુસ્તક મંડળ: ગાંધીનગર: ૨૦૦૪ : પ્રાથમિક શિક્ષણના પ્રશ્નો અને પ્રવાહો

૨. ડાંગ જિલ્લા પંચાયત, આંકડાશાખા: ૨૦૧૨–૧૩ : જિલ્લાની આંકડાકીય રૂપરેખા:

૩. વર્તમાનપત્ર વર્ષ: ૨૦૧૨ : સંદેશ

૪. વર્તમાનપત્ર વર્ષ: ૨૦૧૨ : દિવ્યભાસ્કર

૫. ડો.એમ.એન.ગાયકવાડ :૦૫ :ગુજરાતનાઆદિવાસીઓમાંશિક્ષણનાપ્રશ્નો